## જિલ્લા કક્ષાની કાર્યશાળાનું આયોજન

આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દે.બારીઆ ખાતે તા.૧૭/૧૦/૨૦૧૬ના વિકાસપિડીયા (ઉત્થાન સંસ્થા) તથા આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્રના સંયુકત ઉપક્રમે એક દિવસીય જિલ્લા કક્ષાની કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યશાળાને દિપ પ્રાગટયથી ખુલ્લો મુકવામાં આવ્યો ત્યારબાદ કેન્દ્રના વડા ડૉ.જી.જે.પટેલ, યુનિટ અધિકારીશ્રી ધ્વારા આવેલ આમંત્રિત અધિકારી / કર્મચારીઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતુ. આ કાર્યશાળાના આયોજક નિમીતાબેન શાહ, નોડલ ઓફિસર, વિકાસપિડીયા ધ્વારા ઉત્થાન સંસ્થાનું કાર્યક્ષેત્ર, કામગીરીની રૂપરેખા તથા વિકાસપિડીયાનો વિવિધ વિભાગો જેવાકે, કુષિ, શિક્ષણ, સામાજીક કલ્યાણ, આરોગ્ય અને ઉર્જા વિગેરેની માહિતીમાં ફાળા વિશે ઈન્ટરનેટ માધ્યમ ધ્વારા માહિતી આપવામાં આવી તથા ઉપસ્થિત અધિકારી / કર્મચારીઓનું પંજીકરણ વિકાસપિડીયા પોર્ટલ પર કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં દાહોદ જિલ્લાના વિવિધ વિભાગો જેવાકે, કૃષિ , આરોગ્ય, શૈક્ષણિક, ઉર્જા, ફોરેસ્ટ અને મહિલા અને બાળ વિકાસના **૫૨** (બાવન) જેટલા અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

વિશેષમાં છેલ્લે અત્રેની કચેરીના રીસર્ચ એસોસીએટ શ્રી ડી.બી.રામજીયાણીએ સૌનો આભાર માની કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી.




